dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

October 2014 For private circulation only Vol. 06 - Issue 139-40

ફકત એ માણસ જ આળસુ નથી, જે કંઈ કરતો નથી. આળસુ એ પણ છે જે વધારે સારું કરી શકતો હોવા છતાં નથી કરતો.

**સોક્રેટીસ**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

दिन प्रतिदिन की स्वच्छता कितनी है अनमोल ।
सुख, समृध्ध, विकास की देती रहें खोल ॥
अगर स्वच्छता पास रही तो रोग नहीं आएंगे ।
तन निरोग, सुंदर होगा, जीवन खुशहाल बनाएँगे ॥
साफ सफाई को यदि हम जीवन में अपनाएँगे ।
कितना बडा बना देती है तभी समझ हम पाएंगे ॥
वस्त्रों को रखें सदा स्वच्छ और रोज नहाएँ ।
हाथों पैरो के कोई नाखून नहीं बढने पाये ॥
रोज शौच के बाद हाथ साबुन से धोएँ ।
खाना खाने के उपरांत, ब्रश करके सोएँ ॥
थोडी सी यह साफ सफाई ज्यादा काम करेगी ।
बचत करेगी पैसे की, डोकटर से दूर रखेगी ॥
घर आँगन को स्वच्छ रखें, गंदगी हटाएँ ।
वातावरण बनाएँ ऐसा, जो सबको ही भाये ॥
तुरंत बनाएँ, ताजा खाएं, बासी न बचने पाये ।
न हो भोजन की बर्बादी, न ही कोई रोग सताये ॥
डो. सूर्या बाली "सूरज"

પર્યાવરણ શબ્દની નિષ્પતિ પરિ+આવરણ એવા બે શબ્દોના યોગથી થાય છે. પર્યાવરણમાં માનવમાત્રને ચારે બાજુથી આવૃત કરીને તેની ક્રિયાઓ અને જીવનને પ્રભાવિત કરે છે. જલ, વાયુ, પૃથ્વી અને વનસ્પતિ પર્યાવરણના પ્રમુખ ઘટકો છે. કેમ કે, તેના વગર જીવન અસંભવ છે. દુઃખની અને ચિંતાની વાત એ છે કે જીવનનો મૂળ આધાર જે તત્વો પર રહેલો છે તે જ દૂષિત થવા લાગ્યા છે. પ્રાચીન વૈદિક કાળ સુધીમાં પર્યાવરણ દૂષિત નહોતું. કારણ, ઋષિમુનિઓ, સંત મહાત્માઓ અને લોકો બહુધા સાત્વિક પ્રકૃતિના હતા. એમની આવશ્યકતાઓ સીમિત હતી. આજે સ્થિતિ જુદી છે. આજનો મનુષ્ય વધારે વ્યાવસાયિક બુધ્ધિ ધરાવતો થયો હોવાથી પ્રકૃતિ અને માનવસંબંધો છીન્નભીન્ન થઈ રહયાં છે.

ભારતીય દર્શનશાસ્ત્રોનો અભ્યાસ કરનારાઓને એ ખ્યાલ આવશે કે પર્યાવરણના તત્વો અને સ્વચ્છતાને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. આપણી સંસ્કૃતિમાં કહેવાયું છે-'સ્વચ્છતા ત્યાં, પ્રભુતા'. વેદોના અનેક મંત્રોમાં પણ સ્વચ્છતાને મહત્વ આપવામાં આવ્યું છે. માનવમાત્રનું એ પરમ કર્તવ્ય છે કે, પોતાની આસપાસ સ્વચ્છતા જળવાય તેવા પ્રયાસો કરે. બીજા કોઈ માટે નહીં પરંતુ પોતાના માટે એ જરૂરી છે. વોલ્ટેર નામના પશ્ચિમના એક ચિંતકનો કટાક્ષ મનમાં મમળાવવા જેવો છે-''મોટી મોટી વાતો કરવા કરતાં આપણાં ઘરની પાછળના વાડામાં ઊગેલું ઘાસ સાફ કરવું વધારે સારું.'' દુર્ભાગ્યે એવું જોવા જાણવા મળે છે કે પોતાના ઘરનું આંગણું ગંદુ રાખનાર વ્યકિત ગામની ગંદકી દૂર કરવા સરકારને નનામી અરજીઓ કરે છે...!! અહો.. આશ્ચર્યમ, ફરિયાદ કરવાનો અધિકાર તેને જ છે જે પોતે કાયદાનું, નિયમોનું, નીતિઓનું પાલન કરતો હોય!

ક્રાંતિકારી વિચારક ગાંધીજીએ આઝાદીના સમયમાં સ્વચ્છતા પર ભાર મૂકયો હતો. આશ્રમમાં રહેનાર દરેક વ્યકિત શ્રમયજ્ઞ કરે અને આશ્રમને સ્વચ્છ સુંદર રાખે તેવો તેમનો આગ્રહ કેટલો ઊચિત હતો ? શરીર અને મનની સ્વચ્છતા માટે સ્વચ્છતા અનિવાર્ય છે.

તેમના જીવનમાંથી કેટલાય પ્રસંગો એ માટે પ્રેરક નીવડે તેમ છે. અહીં એક આપી રહયો છું.

બિરલા કુટુંબ સાથે ગાંધીજીને ઘણો જ ગાઢ સંબંધ હતો. દિલ્હીમાં તેઓ બિરલા ભવનમાં જ ઊતરતા. તેમના જેવા મૂડીવાદીને ત્યાં ગાંધીજી રહેતા તેથી પ્રજાના એક વર્ગને એ ગમતું નહીં. બિરલા ગાંધીજીનો ખોટી રીતે લાભ ઉઠાવે છે એવું પણ એ વર્ગ કહેતો. તેમને ગાંધીજી વિનોદમાં કહેતા કે, 'હું પાકો વાણિયો છું. બિરલાજી મને વટાવી શકે એમ નથી.'

એક વાર બિરલા ભવનમાં ગાંધીજીનો વસવાટ હતો. સવારમાં તેઓ સ્નાનની તૈયારીમાં હતા. પણ નાહવાની ઓરડીમાં બિરલાજી સ્નાન કરતા હતા. તેઓ સ્નાન કરીને બહાર આવ્યા પછી ગાંધીજી અંદર ગયા. અંદર જઈને જોયું તો બિરલાજીનું ભીનું ધોતિયું પડેલું હતું. તેને બાજુએ મૂકીને સ્નાન કરવા કરતાં ગાંધીજીએ તે જાતે જ ધોઈ નાખ્યું અને પછી નાહવા બેઠા. બિરલાજીનો નોકર ધોતિયું લેવા આવે તે પહેલાં તો દ્વાર બંધ થઈ ગયેલું. ગાંધીજીએ પોતાનો કચ્છ પણ જાતે જ ધોઈ નાખ્યો. એ બંને કપડાં લઈ તેઓ બહાર આવ્યા અને દોરીએ સૂકવતા હતા તે દરમિયાન બિરલાજી ઉતાવળા આવી પહોંચ્યા : 'અરે બાપુ ! બાપુ ! આ શું કરો છો ?' કહી પોતાનું ધોતિયું ગાંધીજીના હાથમાંથી ખેંચવા લાગ્યા. આ બનાવથી તેમને માઠું લાગ્યું.

ધોતિયું સૂકવતા સૂકવતા ગાંધીજી બોલ્યા : મેં ધોયું તેથી બગડી શું ગયું ? અંદર પડેલું હતું. તેના પર કોઈનો મેલો પગ પડે તેના કરતાં ધોઈને સ્વચ્છ કર્યું એ તો સારું જ થયું ને ?' 'બાપુ...' બિરલાજી ગણગણ્યા. ગાંધીજી જેવા મહાપુરુષે પોતાનું ધોતિયું ધોયું તેનો ખેદ અને નાહવાની ઓરડીની તરત સાફ કરવાની બેદરકારી માટે બિરલાજીને પશ્ચાત્તાપ થવા લાગ્યો. શું બોલવું તે તેમને સમજાયું નહીં. પછી થોડી વારે તેઓ બોલ્યા : 'આટલો બધો કામનો બોજો હોવા છતાં બાપુ ! તમે એ શા માટે ધોયું ?

ગાંધીજી : 'જીવનમાં સ્વચ્છતાના કાર્ય સિવાય વળી બીજું મોટું કાર્ય કયું ?'

બિરલાજી શું બોલે ?

સ્વચ્છતા વિશે ગાંધીજીના કડક આગ્રહનો ખ્યાલ બિરલાજીને હતો જ પણ સ્વચ્છતાની આટલી ઊંચી માત્રાનો અનુભવ તો આ પ્રસંગે જ થયો.

આ પ્રસંગ પછી કંઈ કહેવાપણું રહે નહીં. સ્વચ્છતાનો અમલ કેવળ વાતોના વડાં કરવાથી નહીં થાય. મુઠ્ઠીભર લોકો હાથમાં ઝાડું લઈને નીકળશે એટલાથી પણ નહીં થાય. આ તો કેવળ પ્રતીક જ ગણવું પડશે. સ્વચ્છતાના વિચારના અમલની ટેવ પાડવી પડશે. વિદેશમાં જઈએ ત્યારે કેમ ગમે ત્યાં ગંદકી નથી કરતાં... ? કાયદો કડક છે માટે... ? પણ કાયદા કરતાં દેશપ્રેમની જ્વાળા જો હૃદયમાં ભભૂકે તો જ વધારે અસરકારક અભિયાન થાય તેવું મારું માનવું છે.

તા. ૩૧ ઓકટોબર, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## નિમણૂંક



યુવાનો દ્વારા કરવામાં આવેલ સામાજીક સેવા થકી રાષ્ટ્ર નિર્માણના પ્રયાસો માટે યુવાનોને પ્રોત્સાહિત કરવા કેન્દ્ર સરકારના ખેલ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા આપવામાં આવતા ગૌરવપાત્ર નેશનલ યુથ એવોર્ડ માટે ખેલ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર અંતર્ગત રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની નેશનલ યુથ એવોર્ડ સમિતિના સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી છે. અને સદર સમિતિ દ્વારા સમગ્ર રાષ્ટ્રમાંથી એવોર્ડ માટે ભલામણ કરવામાં આવેલ વિવિધ દરખાસ્તો પૈકીની શ્રેષ્ઠ દરખાસ્તોને એવોર્ડ માટે ભલામણ કરવામાં આવશે. અભિનંદન.

## Twin Pride



Miss Viraj Ojas Desai, a student of Department of English, VNSGU, bagged the fristprize in the "M.A. students' Paper Reading Competition" at national level held by Dept. of English, Saurashtra University, Rajkot, on 26-27 September, 2014. The students of colleges and universities across Gujarat and India participated in this competition. Further, Miss Viraj Ojas Desai and Tushar Patel of Department of English, VNSGU, were also declared the Winner Team of all the teams of paper readers of Gujarat and other parts of India.

## ઊજવણી

યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ હેઠળ ચાલતા હિન્દી અનુસ્નાતક કેન્દ્રમાં ડૉ. દમયંતીબેન પરમારના અધ્યક્ષપદે 'હિન્દી દિવસ' ઉજવવામાં આવ્યો હતો. જેમાં નવયુગ કોલેજના ભૂતપૂર્વ પ્રાધ્યાપક ડૉ. વસંતરાવ જાદવે "हिन्दी की दशा और दिशाऐ" વિષય પર વિચારો રજૂ કર્યા હતા. એમ.એ.ના વિદ્યાર્થીઓએ કાવ્યપઠન, કબીરના દોહા તથા હિન્દી ગઝલો રજૂ કરી હતી. તેમજ હિન્દી ભાષા માટે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. હિન્દી સપ્તાહના અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ બાલાશિનોર કોલેજના પ્રાધ્યાપક ડૉ. એચ. જે. શુકલાનું વિશેષ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું તેમણે "કબીર સામાજીક પરિપ્રેક્ષ્યમાં" વિષય પર પોતાનું મનનીય વકતવ્ય રજૂ કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. ફાલ્ગુનીબેન અધ્વર્યુ તથા આભારવિધિ ડૉ. હિતેન્દ્ર પટેલે કરી હતી.

## ACTIVITIES

**Law Department :** 1). Orientation programme held on 3rd July for first year students of B.Com. LL.B. (Hons.) Programme. Chintan Pathak and Kishanbhai had lively discussion on Skill-full India. 2). Guest - lecture was taken on 15th July by Mr. Kalpesh Gupta, Assistant Profrssor of IIM - Ahmedabad, on "Right to Information". Students of B.Com. LL.B and LL.M. attended the lecture. 3). Guest lecture was taken on 28th July by Prof. Dr. Manisha Shukla in B.Com. LL.B. Topic of discussion was "Composition of Judiciary under Const of India"). **4) Competition on:** ~ Group Discussion ~ Debate ~ Public Speaking was organised on 4th August, Monday. Prof. Dr. Mahesh Dey from English Department was the Judge of the competition. **~ WInner of Public Speaking:** 1). Prachi Palsanawala, 2). Neelmani Taparia, **~ Winner for Debate :** 1). Ajen Patel, 2). Pritam Bandopadhyay, **~ Winner of Group Discussion :** 1). Group (F.Y.), 2). Group (S.Y.), 5). Guest lecture on Cyber crime on 13th August by Mr. Chintan Pathak. He discussed the importance of Internet in today's world and also regarding the misuse of personal Information of the user of Internet. 6). Programme on Investment Awareness was organised by Department of Law in association with Ministry of Corporate Affairs. Speakers of the programme were Mr. Gupta, Mr. Mishra, Mr. Naven Mandovara. More than 90 students attended the programme. 7). Legal Literacy camp was at Law Department, dated 25th August. Topic was "Human Rights and Constitution". Adv. Gaurang Rangonwala, Adv. Mona Pandya & Av. Hetal Ramani shared their knowledge with the students. 8). Teacher's Day celebrated by Department of Law, Date : 05/09/2014 8). Guest Lecture was taken on 13/8/2013 by Dr. Vikram Desai in B.Com. LL.B. Topic of discussion was "Basic Information of Law." 9). The student and faculties of Department of Law, Veer Narmad South Gujarat, Surat paid a visit to Modheshwari Hitwardhak Charitable Trust Old Age Home at Bhata village, Surat on 15th September, 2014. Funds of Rs.10,000/- was donated by the students and faculties of the Department Basic information regarding the general and special benefits available for senior citizens was provided to the residents of the old age home and also interacted with them.

## વાર્ષિક મહોત્સવ





યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ (5 Years Integrated Course) ના કો.ઓર્ડિનેટર શ્રી ડૉ. ગૌરવ શાહના સહકારથી વિભાગનો વાર્ષિક કાર્યક્રમ અભિવાદન તેમજ વિદાય સમારંભ તા.૧૧/૯/૧૪ ના રોજ યોજવામાં આવ્યો હતો. વર્ષ દરમ્યાન અભ્યાસ તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન ચંદ્રકો, પારિતોષકો તેમજ પ્રમાણપત્રો આપીને કરવામાં આવ્યું હતું. NET, SLET તેમજ GATE જેવી સ્પર્ધાત્મક પરીક્ષા ઉર્તીણ કરનાર વિદ્યાર્થીઓનું પારિતોષિકો દ્વારા સન્માન કરાયું હતું. વિભાગના પૂર્વ વિદ્યાર્થી રિતુલ મેંદપરાએ એક નવી પ્રોડકટ `Vita Slim` નું Offical Launching ડૉ. ગૌરવ શાહના વરદ હસ્તે કરવામાં આવ્યું. કાર્યક્રમની વિવિધ કૃતિઓની રચના "નારી" ને કેન્દ્રમાં રાખીને કરાઈ હતી. જેમાં સ્ત્રી શોષણ, બળાત્કાર, જાતિય ભેદભાવ તેમજ સ્ત્રી સશકતીકરણ જેવા સામાજીક મુદાઓની કલાત્મક અને હ્યદયસ્પર્શી રજુઆત કરવામાં આવી હતી. સાંસ્કૃતિક વૈવિધ્ય દર્શાવતા વિવિધ નૃત્યો જેવા કે ભારતનાટયમ, ગરબા, પંજાબી, કાશ્મીરી અને રાજસ્થાની નૃત્યોની ખૂબજ સુંદર અને વૈવિધ્યસભર રજુઆત કરવામાં આવી હતી. સંપૂર્ણ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓના સુંદર સહકારે કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. અંતે રાષ્ટ્રગીત ગાઈને સૌ છૂટા પડયા હતા.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા



આંતરરાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી નિમિત્તે ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રેડિયો ફીચર સ્પર્ધામાં યુવાવસ્થા અને એચ.આઈ.વી/એઈડસ વિષયમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતની વિદ્યાર્થિનીઓ કુ.નેન્સી સુરતી અને કુ. પરિતા વિઠાણીએ જીલ્લાકક્ષાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ અપાવ્યું છે. આચાર્યશ્રી ડૉ.અશ્વીનભાઈ પટેલ તથા કોલેજના પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા છે. આ માટે પ્રા.તૃપ્તિ કુમારે વિદ્યાર્થિનીઓને તૈયારી કરાવી હતી. શ્રી પી. બી. પટેલે સ્ક્રીપ્ટનું રેકોડીંગ કર્યું હતું.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં વાદ્‌સમિતિના ઉપક્રમે પ્રિ. ડૉ. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ પૂર્વ વિદ્યાર્થીની સ્વ.પૂનમ પટેલની સ્મૃતિમાં યોજાતી વક્તૃત્વ સ્પર્ધા અંતર્ગત 'વિકાસ અને પર્યાવરણ' વિષય ઉપર કુલ ૧૬ વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. વાઈસ પ્રિન્સીપાલ શ્રી ટી.જી. પટેલે સ્પર્ધાના વિષયને સાંપ્રત સમયની માંગ અનુસારનો ગણાવ્યો હતો. પ્રારંભે વાદ્‌સમિતિના અધ્યક્ષ પ્રા.કે.સી. પટેલે સ્પર્ધા અંગેની પૂર્વભૂમિકા રજૂ કરતાં કોલેજે આંકેલી નવીન પરિપાટી અનુસાર 'વિદ્યાર્થી વિકાસ' કેન્દ્રવર્તી છે તેમ જણાવ્યું હતું. સ્પર્ધાના અંતે કુ. કલ્યાણી પ્રથમ ક્રમે, કુ. મયુરી મિસ્ત્રી દ્વિતીય ક્રમે તથા સોનાલી પ્રજાપતિ તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. દિનકર ટંડેલ અને પ્રા. અમૃત પટેલે (આર્ટસ કોલેજ, વલસાડ) સેવા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને વક્તૃત્વકલા માટે ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. કુ.સોનાલી પ્રજાપતિએ કાર્યક્રમ સંચાલન તથા કુ. કલ્યાણીએ આભારવિધિ કરી હતી. તથા રંગકલા કૌશલ્ય ધારાના ઉપક્રમે ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. હફીયા દારૂવાલા, દ્વિતીય ક્રમે કુ. લુખના આઈ. મેહરી અને તૃતીય ક્રમે શ્રી સંકેત પટેલ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલના ચિત્રકલાના શિક્ષિકા શ્રીમતિ હેતલબેન દેસાઈએ સેવા આપી હતી. પ્રિ. ડૉ. જે. એમ. નાયકે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા. ડૉ. રશ્મીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તદપરાંત આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા એન.એસ.એસ. યુનિટ અંતર્ગત પ્રોગ્રામ ઓફિસર ડૉ. દક્ષાબેન ઠાકોરના પ્રોત્સાહન થકી તા.૧૩/૮/૧૪ના રોજ 'દેશના વિકાસમાં લોકશાહી શાસન વ્યવસ્થાનો ફાળો' વિષય ઉપર નિંબથ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કુ. ડિમ્પલ ભાનુશાલી પ્રથમ ક્રમે, કુ. નિધિ પ્રજાપતિ દ્વિતીય ક્રમે તથા કુ. મેઘા ગોરડ તૃતીયક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે ઓલપાડ કોલેજના ગુજરાતી વિભાગના પ્રા. દક્ષા ચૌહાણે સેવા આપી હતી. તથા વલસાડ ગીત સંગીત નૃત્યધારા અને એન.એસ.એસ.ના સંયુકત ઉપક્રમે તા.૧૪/૮/૧૪ના રોજ દેશભકિત ગીત તથા હળવું કંઠય સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધકોને પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરૂં પાડયું હતું. આ પૈકી દેશભકિત ગીત સ્પર્ધામાં કુ.મોનાલી રાઠોડ પ્રથમ ક્રમે, કુ. ફાલ્ગુની પટેલ અને કુ.શ્વેતા મિશ્રા દ્વિતીય ક્રમે તથા કુ.દરક્ષા પઠાણ અને કુ.સોનાલી પ્રજાપતિ તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. જ્યારે હળવું કંઠય સંગીત સ્પર્ધામાં કુ. ફાલ્ગુની પટેલ પ્રથમ ક્રમે અને ભોયે પ્રભુદાસ દ્વિતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે મોટાપોંઢા કોલેજના પ્રા. ડૉ.આશાબેન ગોહિલ તથા ધરમપુર કોલેજના ડૉ. પારૂલ નાયકે સેવા આપી હતી. આચાર્યશ્રી ડૉ. જે.એમ.નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે તા. ૧૪/૮/૧૪ના રોજ 'સ્ત્રી સશકિતકરણ' વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવમાં આવ્યું હતું. સેલના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી કુલ ઓગણોસીતેર સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જે પૈકી કુ. પ્રિયંકા ટંડેલ પ્રથમ ક્રમે, કુ. કલ્યાણી અશોકભાઈ દ્વિતીય ક્રમે તથા કુ. મેઘા ગોરડ તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે ઓલપાડ કોલેજના ગુજરાતી વિભાગના પ્રા.દક્ષાબેન ચૌહાણે સેવા પૂરી પાડી હતી.

અંકલેશ્વર સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ. કોલેજમાં 'ચાલે ભીંજાઈએ' ગુજરાતી સાહિત્યના વરસાદ આધારીત લોકગીતો, કવિતાઓ, ગઝલ સ્પર્ધાની રજૂઆત કરી હતી. જેમાં પ્રથમક્રમે ભટ્ટ ઋચા બીજાક્રમે વસાવા શીતલબેન અને ત્રીજાક્રમે પટેલ યોગેશ રહયા હતાં. તથા આચાર્ય શ્રી ડૉ. કૌશલભાઈ પારેખ તથા સૌ અધ્યાપકોએ પણ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન વાઘેલા જીતેન્દ્ર તથા વસાવા સુનિતાબેને કર્યુ હતું. કાર્યક્રમના નિર્ણાયક તરીકે પ્રા. સ્વાતિબેન અને પ્રા. રીનાબેન રહયા હતા.

બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં વાર્ષાઋતુ નિમિત્તે વર્ષાગીત સ્પર્ધાનું આયોજન આચાર્ય ડૉ. કિન્નરીબેન આચાર્યશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વ્યકિતગત-૫ અને સમૂહમાં-૧૪ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વ્યકિતગતમાં પ્રથમ ક્રમ-ગામિત ઉમેશભાઈ તથા સમૂહમાં પ્રથમક્રમે-ટંડેલ જીગીષાબેન નું ગૃપ વિજેતા રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની રાવલ ઋચાબેને તથા આભારવિધિ પુરોહિત કામિનીબેને કરી હતી. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. મીનાબેન પરમાર તથા પ્રા. મનાલીબેન દેસાઈએ સેવા આપી હતી, માર્ગદર્શન પ્રા. કનુભાઈ સ્વાગીયાએ પૂરું પાડયું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, વેસુમાં વર્ષાગીત સ્પર્ધાનું આયોજન પ્રા. ભાવિનાબેન દેસાઈ, પ્રા. રામસિંગભાઈ ગામીતે કર્યુ હતું. સ્પર્ધાનાં નિણાર્યક તરીકે પ્રા.કલ્પનાબેન પટેલ પ્રા. રોશનીબેન આઈતોડાએ સેવા આપી હતી. સ્પર્ધામાં સોલોમાં પ્રથમ ક્રમે ભાઈઓમાં શાહુ રાજુ અને બહેનોમાં એનીઅમ્મા અને દ્વિતીય ક્રમે રાણા નિકેતા હતી. તથા ગૃપમાં પ્રથમક્રમે માવાણી રીના, સુદાણી કાજલ, ટંડેલ તિતિક્ષા અને દ્વિતીય ક્રમે ચૌધરી મયુરી ચૌધરી નિકેતા વિજેતા થયા હતા. આ કાર્યક્રમમાં અધ્યાપકોએ પણ વર્ષાગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન દેસાઈ મિતાલી તથા આભારવિધિ તાલીમાર્થીની વરકલ મોનિકાએ કરી હતી.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૧૨/૮/૧૪ના રોજ પ્રિ. ડૉ. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા એન.એચ.ટાઈમ્સ ભીતપત્ર પ્રોજકટ અંતગર્ત કન્વીનર ડૉ. દક્ષાબેન ઠાકોરના પ્રોત્સાહન થકી ૧૫મી ઓગષ્ટ ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં સ્વાતંત્ર્ય સેનાની રેખાચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા.કે.આર.ભાવસાર તથા પ્રા.કે.સી.પટેલે સેવા આપી હતી. જેમાં કુ.વૈશાલી રાઠોડ પ્રથમક્રમે, શ્રી પ્રભુદાસ ભોયે તથા કુ. સુરજીના પસ્તમને દ્વિતીયક્રમે તથા કુ.પ્રિયંકા ગાંવિત તથા કુ.ટિવંકલ પાટિલ તૃતિય ક્રમે રહયા હતા.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્.કોલેજ, વલસાડમાં નેહરુ યુવા કેન્દ્ર ભરૂચ દ્વારા "ભ્રષ્ટાચાર" અંગે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું હતું. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ યુવાન શિક્ષકોને સદ્ભાવના માટે પ્રેરણા આપી હતી. નિણાર્યક શ્રી પટેલ કિરણભાઈ, અને શ્રી મેઘાબેન ઉપસ્થિત રહયા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મકવાણા નિલેશભાઈ, દ્વિતીય ક્રમે રજવાડી અનિલભાઈ, તૃતીય ક્રમે વાઘેલા જીતેન્દ્રભાઈ રહયા હતા. વિજેતાઓને નહેરૂ યુવા કેન્દ્ર તરફથી ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી વાઘેલા જીતેન્દ્રભાઈએ કર્યુ હતું. તેમજ આભારવિધિ પ્રા. ગણેશભાઈ પટેલે કરી હતી.

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોમર્સ, બી.બી.એ તેમજ બી.સી.એ કોલેજમાં જ્ઞાનધારા સમિતિના ઉપક્રમે તા.૨૮/૮/૧૪ના રોજ આંતર વર્ગ "પુસ્તક સમીક્ષા સ્પર્ધા" યોજાઈ હતી. જેમાં ૧૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમક્રમે ગોયલ અંકિત. દ્વિતીયક્રમે પાટીલ સુનિલ તથા તૃતીયક્રમે પટેલ મીના આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈન્ચાર્જ આચાર્યશ્રી મેહુલભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ જ્ઞાનધારા સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે પ્રિ. ડૉ.જે.એમ. નાયકની પ્રેરણા અને માર્ગદર્શનથી વીર કવિ નર્મદ જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં આર.કે.પટેલ હાઈસ્કુલ રોણવેલના ભાષા શિક્ષકો શ્રી ગિરીશભાઈ ચૌધરી, શ્રીમતિ આશાબેન પટેલે નિર્ણાયકો તરીકે સેવા આપી હતી. જેમાં કુ. ગોરડ મેઘા પ્રથમ ક્રમે, કુ. પ્રજાપતિ નિધિ દ્વિતિય ક્રમે અને કુ.હેમાલી ચોકસી તૃતીય ક્રમે વિજેતા થયા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા.કે.સી.મુકેશ ચૌહાણે કર્યુ હતું. તા.૨/૯/૧૪ ના રોજ વર્ગ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતના પ્રાધ્યાપિકા કલાબેન પટેલ તથા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોઢાના પ્રાધ્યાપિકા શ્રીમતી ઉમાબેન દેસાઈએ સેવા આપી હતી. સ્પર્ધાનું સંચાલન ડો. દક્ષા ઠાકોરે કર્યુ હતું. આ સ્પર્ધામાં એફ.વાય.બી.કોમ. "સી" અને એસ.વાય.બી.કોમ. "ડી" નો વર્ગ પ્રથમ ક્રમે, એસ.વાય.બી.કોમ. રહયા હતા. "બી" અને એસ.વાય.બી.કોમ. "એ" નો વર્ગ દ્વિતીય ક્રમે તથા એફ.વાય.બી.કોમ. "ડી" અને એમ.કોમ. ૧ નો વર્ગ તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. એન.એસ.એસ.ના ઉપક્રમે તા.૧/૯/૧૪ના રોજ ગુજરાતી સુલેખન સ્પર્ધામાં કુ. રચના મિસ્ત્રી પ્રથમ ક્રમે, શ્રી અંકિત ગળવી અને કુ. શ્વેતા ભંડારી દ્વિતીય ક્રમે તથા કુ. ધ્વનિ રાણા મિસ્ત્રી તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધાનું સંચાલન અને વ્યવસ્થા પ્રોગ્રામ ઓફિસર ડૉ. દક્ષા ઠાકોરે સંભાળી હતી. તા.૫/૯/૧૪ના રોજ શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે શિક્ષણ વ્યવસાયને અનુરૂપ બેસ્ટ મેસેજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ઓગણત્રીસ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પ્રો. મોહનભાઈ પટેલ, આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરાએ સેવા આપી. આ સ્પર્ધામાં કુ. જશોદા એન. બારિયા પ્રથમ ક્રમે, કુ. વૈષ્ણવી રાજપુત દ્વિતીય ક્રમે તથા કુ. હિમાલી ચોકસી તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. આ ઈનામો "ચીટસ એન્ડ બાઈટ્સ એજ્યુકેશન" વાપી દ્વારા સ્પોર્ન્ડ હતા. કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા ડૉ. દક્ષાબેન ઠાકોર તથા લાયબ્રેરિયન શ્રી દેવાંગભાઈ પટેલના સહયોગથી સંભાળી હતી. તા.૫/૯/૧૪ના રોજ જેસીઆઈ, વલસાડના સૌજન્યથી શિક્ષકદિન ઉજવણીના ભાગરૂપે 'બેસ્ટ સ્ટુડન્સ શિક્ષક' સ્પર્ધા યોજવામાં આવી હતી. નિણાર્યક તરીકે જેસી શ્રીકાંત કનોજીયા તથા જેસી પ્રિતેશ પટેલે સેવા આપી હતી. આ સ્પર્ધામાં કુ. કલ્યાણી અશોકભાઈ પ્રથમ ક્રમે, કુ. વૈષ્ણવી સોઢા દ્વિતીય ક્રમે તથા કુ. સોનાલી પ્રજાપતિ તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે યોજાયેલ પ્રિ. જે.બી. શાહ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધામાં એમ.કોમ.ની વિદ્યાર્થિની કુ. કુરેશી સિદીકાએ સ્પર્ધામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. નો ઈન્ટર કોલેજીએટ ટુર્નામેન્ટ બારડોલી મુકામે થઈ ગઈ જેમાં શેખ પરવેઝ આઈ-૫૦,૧૦૦,૨૦૦, બ્રેસ્ટ સ્ટ્રોકમાં દ્વિતીય અને તૃતીય આવ્યો અને રાઉત રાજુ કે ૪૦૦ મીફ્રી સાઈઝમાં ત્રીજો નંબર આવ્યો.

શ્રી એસ. આર. પટેલ બી. એડ. કોલેજ, સુરતના તાલીમાર્થી પટેલ ચિંતન મહેશભાઈએ જે.એસ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી, સુરતમાં સપ્તધારા અંતર્ગત યોજાયેલ પ્રાર્થના સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો. તાલીમાર્થી પટેલ નીતિએ સર કે.પી.કોમર્સ કોલેજ દ્વારા નેઈલ આર્ટ સ્પર્ધામાં તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો.

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.કોમ/ બી.બી.એ./ બી.સી.એ. કોલેજમાં તા. ૪/૯/૧૩ના દિવસે શિક્ષણ દિવસની નિમીતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે સમેલ અક્ષા, દ્વિતીય ક્રમે પાંડે સુનીલ અને તૃતીય ક્રમે રિષભ વિજેતા જાહેર થયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા.દિવ્યા જરીવાલાએ કર્યું હતું.

નવયુગ આર્ટસ કોલેજ, સુરતમાં તા.૧૦/૯/૧૪ના રોજ પુસ્તકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૧/૯/૧૪ના નવયુગ આટર્સ કોલજમાં જ્ઞાનધારા અંતર્ગત પુસ્તક પરિચય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા શ્રી ડૉ. જ્યોતિબેન નાયકે વિદ્યાર્થીઓને પુસ્તક વાચન અંગેની સમાજ આપી હતી. એકથી ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પુસ્તકોની ભેટ અપાઈ હતી. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પુરસ્કાર રૂપે પુસ્તકો આપ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગ્રંથપાલ પટેલ નિશાએ સેવા આપી હતી.

## પ્રવેશોત્સવ

ભારત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એમ.એડ્. તથા બી.સી.એ. કોલેજ, બારડોલીનો ઉદ્ઘાટન અને સત્રારંભ કાર્યક્રમહ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના ઉદ્ઘાટક અને મુખ્ય મહેમાન ડૉ. વિનોદભાઈ એન. પટેલના શુભહસ્તે રીબીન કાપીને વિધીવત ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ સત્રારંભ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય દ્વારા થઈ હતી. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ તથા ટ્રસ્ટના સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહયા હતા. બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્યશ્રી ડૉ. કિન્નરીબેન પટેલે આમંત્રિત સૌ મહેમાનોને આવકારી તેમનો પરિચય આપ્યો હતો. ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી ત્રિવેદી તથા એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કૂલના પ્રિ. દર્શનાબેન ઢીમરે પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યુ હતું. અતિથિવિશેષ તરીકે ભાજપ બારડોલી તાલુકાના પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. ડૉ. વિનોદભાઈ પટેલ અધ્યક્ષીય પ્રવચન કરતા જણાવ્યુ હતું કે શિક્ષણાનો ફેલાવો ઝડપથી થઈ રહયો છે બારડોલી પ્રદેશને તેનો લાભ આવી સંસ્થાઓ થકી મળી રહયો છે ત્યારે સંસ્થા ભવિષ્યમાં ઉત્તરોતર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. આભારવિધિ પ્રા. ડૉ.મીનાબેન પરમારે તથા સંચાલન પ્રા. ઉમેશભાઈ પટેલે કર્યુ હતું.

વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી.એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં નવા પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓ માટે કે.સી.જી. ટીમ દ્વારા દીપપ્રાગટ્ય કરી પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આચાર્યશ્રીએ કે.સી.જી.ની ટીમને પુસ્તક આપી આવકાર્યા હતા અને ટીમ દ્વારા ઉચ્ચ કારકિર્દી માટે પ્રોત્સાહક ફિલ્મ બતાવીને સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

તા.૪/૮/૧૪ના રોજ શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં "ચલો કોલેજ પ્રવેશોત્સવ-૨૦૧૪-૧૫" ઉમળકાભેર સંપન્ન થયો હતો. પૂર્વ આયોજન પ્રમાણે સંસ્થાની મુલાકાતે ટીમના સભ્ય તરીકે સરકારી શિક્ષણ મહાવિદ્યાલય, વાંસદાના પ્રિ.ડૉ.જે.ટી. ચૌધરી અને શ્રી બી.પી.બારિયા સાયન્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ.દીનાબેન ચાંપાનેરી, મંડળના પદાધિકારી શ્રી ભરતભાઈ અમીન અને શ્રી મુકેશભાઈ મહેતા હાજર રહયા હતા. પ્રિ.ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોનો પરિચય આપી અભિવાદન કરી સંસ્થાનીગતિવિધિઓ રજુ કરતું સુંદર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. એ દરમ્યાન કોલેજના પ્રાધ્યાપકોએ સપ્તધારા અંતર્ગત જુદી જુદી ધારાઓની કામગીરીનો સંક્ષેપમાં જાણકારી આપી હતી. ત્યારબાદ રજુ થયેલા સપ્તધારાગાન અને અને યુવાધનને ધ્યેયલક્ષી બનવા માટેનું આહવાન કરતાં ગીત "ધરતી કી તુ શાન જ્ઞાન તું" એ સભારંભને સાચા અર્થમાં મર્મભેદી બનાવ્યો હતો. ત્યારબાદ રાજ્ય સરકાર પ્રેરિત કે.સી.જી.ના વિવિધ ઈનિસિએટિવસની ભુમિકા સ્પષ્ટ કરતી નાનકડી ફિલ્મને સહુએ મનભરીને માણી હતી. ત્યાર બાદ મહેમાનોના હસ્તે સિધ્ધિ પ્રાપ્ત તાલીમાર્થીઓનું પ્રેરક પુસ્તિકાઓની ભેટ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ડૉ.જે.ટી.ચૌધરી અને ડૉ.દીનાબેને સંસ્થાની તમામ ગતિવિધિ અંગે સંપૂર્ણ સંતોષ વ્યકત કરી સુંદર કાર્યક્રમ કંડારવા બદલ આચાર્યશ્રીને અને તમામ સ્ટાફ મિત્રોને અભિનંદન આપ્યા હતા. અંતે આચાર્યએ તાલીમાર્થીઓ પાસે સંકલ્પ લેવડાવી પ્રવેશોત્સવને અર્થસભર બનાવ્યો હતો.

પ્રવેશોત્સવ ૨૦૧૪ અંતર્ગત નવસારીની ગારડા કોલેજમાં તા.૫/૮/૧૪ના રોજ પ્રથમ વિનયન અને વાણિજ્યના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. ઈનચાર્જ આચાર્ય ડૉ.જે.જે.પટેલે સરકારના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત થયેલ પ્રો. જે.સી.જોષી પ્રો.પી.સી.ચૌહાણ બીલીમોરા સાયન્સ કોલેજના આચાર્ય ડૉ.વશી તથા કે.સી.જી.ના પ્રતિનિધિ શ્રી તેજસભાઈ પટેલનું સ્વાગત કરી તેમને આવકાર આપ્યો. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. જે.જે.પટેલે આ કાર્યક્રમ અંગેની માહિતી આપી. એક સપ્તધારા ગાન રજુ કરવામાં આવ્યું તથા કે.સી.જી. દ્વારા મળેલ કેસેટનો ઓડીયો વિડયો કાર્યક્રમ રજુ થયો. પ્રો. જે.સી.જોષીએ કાર્યક્રમના મહત્વ અંગે છણાવટ કરી તથા મહાનુભાવોના હસ્તે તમામ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને બોલપેન તથા રબરનો સેટ પણ અર્પણ કરવામાં આવ્યો.


## આરોગ્ય



તા. ૨૦/૮/૧૪ના રોજ નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં "આંતરરાષ્ટ્રીય યુવા દિન" ની ઉજવણી કરાઈ. આ દિવસે રકતદાન શિબિરનું આયોજન કરાયું હતું. શિબિરનો શુભારંભ આચાર્યશ્રી અશ્વિનભાઈ પટેલ દ્વારા દિપ પ્રાગટ્ય કરી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. આ શિબિરમાં પોગ્રામ ઓફિસર પ્રો.સંજય પંડયા અને વિદ્યાર્થીઓ સહિત કુલ ૫૩ યુનિટ બ્લડ એકત્રિત થયું હતું. ન્યુસિવિલ હોસ્પિટલ બ્લડ બેન્કના સહાયોગથી આયોજીત આ શિબિરમાં ડો.હિતેર્ષી, ડો.ચાંદની, ડો.ગુરવિંદર, ડો.સ્નેહલ અને કાઉન્સીલર કાજલબેનનું વિશેષ યોગદાન રહયું. તદ્ઉપરાંત દરેક વર્ગોમાં પ્રતિજ્ઞા લઈ હોંશભેર કેમ્પસ સફાઈનું કાર્ય પણ કર્યુ હતું.

ઈવનીગ કોમર્સ કોલેજ સુરતમાં તા.૨૨/૮/૧૪ના રોજ "સુરત રકતદાન કેન્દ્ર અને ચાંલ્લાગલી યુવકમંડળ"ના સંયુકત ઉપક્રમે ૧૧મો રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીનીઓએ તેમજ સ્ટાફ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## મુલાકાત




ઉધના સીટીઝન કોમાર્સ કોલેજનાં વિદ્યાર્થીઓ તેમજ કોમર્સ અને બેંકિંગ વિભાગની ફેકલ્ટી SPB (સુરત પીપલ્સ બેંક) માં મુલાકાત લઈ અત્યાધુનિક ચેક ટ્રંકેશન સીસ્ટમ વિષે વિસ્તૃત માહિતી મેળવી. ઉધના કોલજે તેની સફળ મુલાકાત ગોઠવી CTSની સંપૂર્ણ પ્રત્યક્ષ માહિતી, બે બેચમાં સંપન્ન કરી. ટંકેશન પધ્ધતિમાં એવાર્ડ કિલયરીંગ જે હાલમાં કાર્યરત છે, તથા ટુંક સમયમાં સેમ ડે કિલયરીંગ થવા તરફ જઈ રહેલ પધ્ધતિ વિષે વિદ્યાર્થીઓને ઉમદા જ્ઞાન પ્રાપ્ત થયું. મેનેજર શ્રી સરૈયાનાં સહકાર અને વિભાગીય વડા, શ્રી બલેશ્વરીયનાં માર્ગદર્શન હેઠળ આ મુલાકાતનું સંપૂર્ણ સંચાલન પ્રા.પર્લ અદી ખરાસએ કર્યુ હતું.

## એન.સી.સી

વલસાડ જીલ્લા પોલીસ આયોજીત સ્ત્રીસશકિતકરણ પરેડ વલસાડના મોઘાભાઈ હોલ ખાતે યોજવામાં આવી હતી. જેમાં વલસાડ જીલ્લામાં મહિલાઓ દ્વારા થયેલ વિશિષ્ટ કામગીરી બિરદાવવામાં આવી હતી. જેમાં શાહ એન.એચ.કોમર્સ કોલેજની એન.સી.સી. કેડેટ કુ.ભારતી પારસભાઈ શાહનું વોલીબોલ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ વલસાડ જીલ્લા કલેકટરશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્ત્રીસશકિતકરણ પરેડમાં વલસાડ કોમર્સ કોલેજની ચૌદ જેટલી એન.સી.સી. કેડેટ બહેનોએ ભાગ લીધો હતો.

## કાર્યક્રમ



ગુજરાત રાજયનાં માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના નેજા હેઠળ સુરત શહેર પોલિસ આયોજીત સ્ત્રી સશકિતકરણ પ્રોગ્રામ તા.૨૭/૮/૧૪ દરમ્યિાન નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં યોજાઈ ગયો. જેમાં કોલેજની ૨૦૦થી વધુ વિદ્યાર્થીનીઓને ઈશિતાબેન અને ઓસ્કારભાઈ દ્વારા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ આપવામાં આવી હતી. કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો. રાંદેર પોલિસસ્ટેશનના પી.આઈ.શ્રી દિવાન અને આચાર્યશ્રી ડૉ. અશ્વીનભાઈએ અંગત રસ લઈ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રયત્નશીલ રહયા હતા.

તા. ૧૨/૮/૧૪ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે, પૂર્વ ઈ.ચા. આચાર્યશ્રી મનોજભાઈ રામીનો વિદાયસમારંભ યોજાયો. પૂર્વ ઈ.ચા. આચાર્યશ્રીનો શાબ્દીક પરિચય આપવામાં આવ્યો ત્યારબાદ તેમનું ટ્રસ્ટીશ્રી મહેશભાઈ પટેલ દ્વારા શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યુ ત્યારબાદ અધ્યાપકો દ્વારા તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું ટ્રસ્ટીશ્રી તેમજ અધ્યાપકોએ તેમની સાથેના અનુભવો કહયા હતા. ત્યારબાદ શ્રી મનોજભાઈ રામીએ પોતાના છ વર્ષના કાર્યકાળના અનુભવો કહયા હતા તેમજ કોલેજના સ્ટાફમિત્રો દ્વારા તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

બી.બી.અવિચળ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માંડવીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં બી.એ., બી.કોમ., એમ.એ.,ના વિદ્યાર્થી ભાઈઓ બહેનોના શાનદાર શાબ્દિક પ્રવેશોત્સવ આચાર્યશ્રી ડો.પી.એમ. જલસણવાલાના અધ્યક્ષપદે યોજાયેલ સપ્તધારા ચેરમેન ડો.આર.એસ.પટેલ ઉડીસા કલબના પ્રા.એમ.બી.પટેલ, ઉપાચાર્યશ્રી જે.આર.શાહ દ્વારા પ્રસંગોપાત કોલેજમાં ચાલતી અભ્યાસોત્તર પ્રવૃતિની જાણકારી આપી. કેસીજી ગાંધીનગર ચલો કોલેજ અભ્યાન અંતર્ગત લાયેઝન ઓફિસર  ડો.કે.એન.ચાવડા રૂટ સુપરવીઝન ડો.પાર્થીવભાઈ ચૌધરીએ કોલેજની સઘન મુલાકાત લઈ કુમ કુમ તિલક દ્વારા અને શૈક્ષણીક સંશોધન બાબતે ચૌધરીજીએ હાકલ કરી. સુરત જીલ્લા સહકારી સંઘ દ્વારા અઠવાડિક તાલીમ કાર્યક્રમ યોજાયો જેમાં "સહકાર દ્વારા વિશ્વશાંતિ" અને વિકાસમાં યુવાનોનું યોગદાન થીમ દ્વારા સમજાવાયું. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના ધો-૧૨ પછીના BCA તેમજ BBA ના અભ્યાસક્રમો કોલેજનાં અભ્યાસ સાથે જોડવા બાબતે કેરીયર કોર્નર અને ઉડીસા કલબના ઉપક્રમે સેમિનાર યોજીને વિદ્યાર્થીઓને માહિતી પુરી પડાઈ. સપ્તધારા અન્વયે નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા જ્ઞાનધારા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા ને વિજેતાઓને પુરસ્કાર અપાયા. એન.એસ.એસ. વિભાગના સિનીયર પ્રોગામ ઓફીસર પ્રા. ઈલાબેન શાહ, પ્રા.આર.આર.ચૌધરી, પ્રા.ઉમાબેન ભાવસાર, પ્રા. કે.કે.વ્યાસ દ્વારા ઓરીએન્ટેશન કાર્યક્રમની સાથેસાથ વૃક્ષારોપણ, સ્વાતંત્ર્ય દિન પર્વની ઉજવણી, દેશભકિત ગીત સ્પર્ધા, કેમ્પસ સમૂહ સફાઈ અભિયાન, સ્વયંસેવકોની સમૂહ રેલી જેવા વિવિધ કાર્યક્રમો ઉત્સાહભેર કરાયા. સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે NCC કેડેટ બહેનોની ત્રિવર્સીય કોર્ષમાં ઓરીએન્ટેશન તાલીમ શ્રી બી.એમ.સિંહ દ્વારા મોટીવેશન લેકચર યોજાયું જેમાં આચાર્યશ્રી, ઉપાચાર્યશ્રી તેમજ એન.સી.સી. સીટીઓ પ્રીતિબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ સીનિયર કેડેટ ભૂમિ વસવા નીતીક્ષાબેન દ્વારા NCC કેડેટ બહેનોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ જેમાં ઓગષ્ટના પ્રથમ પખવાડિયા દરમ્યાન સરકારશ્રીના આદેશાનુસાર વિધ વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાઈ અને અધ્યાપક ગણ દ્વારા વર્ગખંડમાં "મહિલા સશકિતકરણ" બાબતે પૂરતી સમજ પૂરી પડાઈ અને યોગ તેમજ કરાટે બાબતે તાલીમબધ્ધ સ્ટાફસહિત PSI તેમજ મહેન્દ્રભાઈ ક્રાઈમ સ્ટાફ દ્વારા ચુડાસમા પાંચદિવસીય તાલીમ સઘન અને સક્રિય રીતે પ્રયોગ દ્વારા પૂરી પડાઈ. રાઈફલ શુટીંગ માટે કામરેજ મુકામે ૨૫ વિદ્યાર્થીઓની પંસદગી કરાઈ. ૧૦ NCC કેડેટ બહેનોને કેડેટમાં મળીને ૩૫ જેટલા પ્રમાણપત્ર ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વના  કાર્યક્રમમાં પ્રમુખશ્રી, PSU, આચાર્યશ્રી દ્વારા એનાયત કરાયા. કેમ્પસ એમ્બેસેડર NSS ગ્રુપ લીડર શ્રી રોહન વસાવા વિદ્યાર્થી અને દૃષ્ટમાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કાર્યક્રમનું સંચાલન કન્યા છાત્રાલયની NSSની બહેનો સ્વયંસેવકોની ગ્રુપ લીડર કુમારી માહીમબેન ગામીતે નોંધપાત્ર કામગીરી બજાવી. ફિઝીકલ ટ્રેનીંગ જીમખાના વિભાગના અધ્યક્ષશ્રી દ્વારા પ્રા. એ.એમ.પટેલ સ્પોર્ટસ બાબતે વર્ગખંડમાં વ્યાખ્યાન આપ્યું. ક્રોસકન્ટ્રી ભાઈઓ તેમજ બહેનોની ટીમની પ્રેકટીસ માટે તેમજ વાપી મુકામે આંતર કોલેજ યુનિવર્સીટી સ્પર્ધામાં ભાગ લીધો.

## વિમોચન

કાંકણપુર-ગોધરાની આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના પૂર્વઆચાર્યશ્રી રિષભ મહેતા અને શ્રીમતિ ગાયત્રીબેનના સુગમસંગીતનો કાર્યક્રમ તા.૨૧/૮/૧૪ના રોજ બીલીમોરાની શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડૉ. કિશોરભાઈ નાયક રચિત "અંતરનો ઉઘાડ" કાવ્યસંગ્રહનું વિમોચન પણ એમના જ કલાગુરૂ શ્રી રિષભભાઈ મહેતાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. વિમોચન બાદ તેમણે કાવ્ય સર્જનના આ નિષ્ઠાસભર પ્રયાસને બિરદાવી આ સર્જન પ્રયાસને ચાલુ રાખવા શુભેચ્છાઓ પાઠવી હતી. શબ્દ, સુર અને તાલના સમન્વયની ચરમસીમા સમા આ કાર્યક્રમને શ્રી રિષભભાઈ, ગાયત્રીબેનની સુરીલી બેલડીએ સાચા અર્થમાં જીવંત બનાવ્યો હતો. પ્રસિધ્ધ તબલાવાદક શ્રી પંકજ નાયકના તબલાવાદને સહુને મંત્રમુગ્ધ કર્યા હતા. મંડળના પદાધિકારીઓ, સંસ્થાના પૂર્વ આચાર્યશ્રી-અધ્યાપક પરિવારે આ અર્થસભર કાર્યક્રમને માણ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ.ગાયત્રી પટેલે અને ઋણસ્વીકાર પ્રા. શીતલ વસાવાએ કર્યો હતો.

## વ્યાખ્યાન

તા. ૧૨/૯/૧૪ના ડૉ. વિજય શાસ્ત્રીનો સન્માન સભારોહ અને વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. નવયુગ આર્ટસ કોલેજ, સુરતમાં આચાર્ય શ્રી ડૉ. જ્યોતિબેન નાયકે આવકાર આપી શાલ ઓઢાડી તેમનું સન્માન કર્યું હતું. અને ડૉ. શાસ્ત્રીનો પરિચય આપ્યો હતો. ડૉ. ચેતનભાઈ મોદીએ તેમના વ્યકિતત્વનો ચિતાર આપ્યો હતો. ડૉ. વિજયશાસ્ત્રીએ તેમના વાર્તાસંગ્રહ 'આવાગમન' ઉપર રમૂજી શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું. તદપરાંત પ્રશ્નોતરી પણ થઈ હતી. 'સપ્તધારા' ના કૉ-આર્ડિનેટર ડૉ. સાધનાબેન પટેલે આભારવિધિ કરી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાં તા.૧૧/૯/૧૪, રોજ વીર નર્મદ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. અશ્વિનભાઈ કાપડિયાનું પ્રવચન યોજાયું હતું. આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે ડૉ. અશ્વિનભાઈનું સ્વાગત કરી તેમનો પરિચય આપ્યો હતો અને સાથે જ સમર્પિત શિક્ષણ સ્માજને કેટલો ઉપયોગ થઈ શકે તેની વાતો કરી ઉચિત ભૂમિકા બાંધી હતી. ડૉ. અશ્વિનભાઈએ પોતાના પ્રવચનમાં શિક્ષક કોને કહેવાય? કેવી રીતે સાચા અને સફળ શિક્ષક અને સફળ શિક્ષણ બની શકે? તેમજ શિક્ષક પાસે સમાજને કેવી અપેક્ષાએ છે વગેરે મુદાઓ પર પોતાના વિચાર, ડૉ.રાધાકૃણન સાથેના પોતાના અનુભવોને ટાંકીને કહયાં હતા. આભારવિધિ પ્રા. ડૉ.મનસુખભાઈ પટેલે કરી.

અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં તાલીમાર્થીઓ માટે શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે "વિચારશીલ શિક્ષકની અનિવાર્યતા અને વર્તન" વિષય ઉપર તેમાનાં આધ્યાત્મિક વિચારો રજૂ કર્યા હતા. જેનાથી તમામ સભગણો મંત્રમુગ્ધ બની ગયા હતા. કાર્યક્રમ બાદ ચર્ચા-વિચારણા પણ કરવામાં આવી હતી. આભારવિધિ પ્રા. ડૉ. પારૂલબેન નાયક અને ઉદઘોષિકા તરીકેની ભૂમિકા પ્રા.ડૉ.પત્રલેખાબેન બારડે ભજવી હતી. વકતાશ્રીને ઈ.ચા.પ્રિ.ડૉ.દિલીપભાઈ પટેલે આવકાર અને પરિચય આપી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

## સેમિનાર

જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીમાં તા. ૨/૮/૧૪ના રોજ સિવિલ સર્વિસીસ પરીક્ષા માટેનો તાલીમ વર્ગ યોજાઈ ગયો. જેમાં તેથી પ્રવેશ પરીક્ષા આયોજીત કરી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ હતી. ગુજરાતમાં સરકારશ્રી દ્વારા સંચાલિત સંસ્થા "સ્પીપા" બાદ પ્રથમ વખત કોઈ સંસ્થા દ્વારા સિવિલ સર્વિસીસ પરીક્ષા માટેના વર્ગોમાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવેલ છે. પ્રિ.ડૉ.કે.એન. ચાવડા, શ્રી નરેશભાઈ વાવડિયા, પીએસ.આઈશ્રી, અને શ્રી ભરતભાઈ ઈટાલીયા, મામલતદારશ્રી દ્વારા આ ઉમદા હેતુ માટે સમય ફાળવીને ઓ પરીક્ષાની તૈયારી અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન કેરીયર ગાઈડન્સ કલબના ઈન્ચાર્જ પ્રા. ડૉ. સેજલબેન દેસાઈ અને તેની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં દામિની સંસ્થા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ સુરત મ્યુન્સિપલ કોર્પોરેશનના સંયુકત ઉપક્રમે "વિમેન એમ્પાવરમેન્ટ એન્ડ સેલ ગર્લ ચાઈલ્ડ" વિષય પર ફેમિકોન-૨૦૧૪ કોન્ફરન્સ યોજાયેલ હતી. જેમાં ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના બે અધ્યાપિકા તેમજ વિદ્યાર્થિનીઓએ સ્ત્રી સશકતીકરણ તેમજ જીવન ઉપયોગી માહિતી મેળવી હતી.

## માર્ગદર્શન

જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૫/૮/૧૪ના રોજ વિદ્યાર્થીઓને "માનવ અધિકાર, મુળભૂત ફરજો તેમજ ભારતીય કાયદાની અને સ્ત્રીઓની કાયદા" ની સમજ આપવા કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું. પ્રિ. ડૉ.કે.એન ચાવડા ખાસ પ્રયત્નથી સિવીલ. જજ કુ.જે.એ.પરમાર તેમજ સિનિયર એડવોકેટ શ્રી રિલેશભાઈ લીંબાચીયા અને એડવોકેટ શ્રીમતી શોભનાબેન છાપીયાજી, શ્રી પ્રતાપભાઈ છાપીયા આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ થાય તેવા સતત પ્રયત્નો કરતા રહે છે. વર્તમાનમાં જે સ્ત્રીઓને સામાજીક અને જાતીય સતામણી થઈ રહી છે ત્યારે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન મળે તથા મુઝવતા પ્રશ્નો હલ થઈ શકે તે માટે આ સેમિનારનું આયોજન કર્યુ હતું. સિનીયર જજશ્રી રિલેશભાઈ લીંબાચીયાએ માનવ અધિકાર અને મૂળભૂત ફરજો ઉદાહરણ દ્વારા સમજણ આપી હતી. તેમજ સિવિલ જજ કુ.જે.એ.પરમારે કાયદાનો પાયો, ઉદાહરણ અને ઘટના અંગે માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. એડવોકેટ શ્રીમતી શોભાનાબેન છાપીયાએ તેમને સ્ત્રીઓને સામાજીક તથા તેમના સ્ત્રીઓના કાયદા વિશે વ્યકતવ્યો રજૂ કરી એમના એ વિષય પર સંજોગોમાં આપણા વર્તન અંગે તથા આપણી લક્ષ્મણ રેખા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## સ્વચ્છતા



તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજમાં 'સ્વચ્છ ભારત' સફાઈ અભિયાન યોજવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાનમાં વિદ્યાર્થીઓ, સફાઈ કામદારો, સેવકભાઈઓ તથા કોલેજના વહીવટી તથા કોલેજ પરિવારે સ્વચ્છતા જાળવવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

## વાંચન વિશેષ

**પારસી પ્રજા.**

લેખકઃ પિલૂ નાણાવટી, અનુ : હોરમસદિયાર દલાલ

પ્રકાશકઃ નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા, ૧૯૯૭. પૃ.૧૮૪ રૂા. ૪૫.૦૦

પારસીઓ, એમનું નામ સૂચવે છે એ પ્રમાણે મૂળ પર્શિયાના, એટલે આજના ઈરાનના. પારસી શબ્દનો અર્થ, પાસે અથવા ફાર્સથી ઊતરી આવેલ વ્યકિત. ભારતની કુલ વસતીમાં પારસીઓની સંખ્યા માત્ર ૦.૦૧૬ ટકા છે.

બોમ્બે સિવિલ એન્ડ સેસન કોર્ટના જજ નિમાયેલા મહિલા શ્રીમતી કૈતી કે.બામ એક પારસી છે. ખેલકૂદમાં, લકવાગ્રસ્ત પારસી યુવતી શેરનાઝ કેરમાનીએ અપંગોના ઓલિમ્પિક રમતોત્સવમાં ભાગ લીધો અને  તેણે તરણ સ્પર્ધામાં  અને દોડ સ્પર્ધામાં ચાર સુવર્ણચંદ્રકો, ચાર રજત ચંદ્રકો અને ત્રણ કાંસ્ય ચંદ્રકો પણ મેળવ્યા હતા. ૧૯૭૯માં મહારાષ્ટ્ર સરકારનો 'શિવ છત્રપતિ' અને કેન્દ્ર સરકારનો 'અર્જુન એવોર્ડ' પણ એનાયત કરવામાં આવ્યો. હિંદના સ્વતંત્ર સંગ્રામ સાથે, નવસારીના દાદાભાઈ નવરોજી, સર ફિરેઝશાહ મહેતા, સર દીનશા વાચ્છાનો ફાળો પ્રખ્યાત છે. ગોદીઓ અને વહાણો બાંધવાની પારસીઓએ સૌ પ્રથમ શરૂઆત કરી. ૧૭૦૦માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તાપી નદી ઉપર ગોદી બાંધી. એની સંભાળ લવજી નસરવાનજી વાડિયા હસ્તક હતી. જમશેદજી બમનજી વાડિયાએ બ્રિટિશ રોયલ નેવી માટે નાની મોટી મનવારો બાંધી હતી. નવરોજી જમશેદજી વાડિયાએ 'એશિયા' જહાજ બાંધ્યું હતું. અર્દશિર ખરશેતજી વાડિયાએ 'સ્ટીમ એન્જીન' બાંધવાની પહેલ કરી. મુંબઈ શહેરને ગેસની બત્તીઓ એમણે જ આપી હતી. સર જમશેદજી જીજીભાઈ, સર દીનશા માણેકજી પિટિટ અને સર કાવસજી જાહાંગીર જેવી સાહસિક વ્યકિતઓએ દેશજીાં મિલ ઉદ્યોગનો વિકાસ કર્યો. જમશેદજીએ ગુજરાતની ગરીબ પ્રજા માટે કૂવાઓ, પુલો, ટાંકીઓ, તથા ધર્મશાળાઓ બંધાવી અને સાર્વજનિક કાર્યો  માટે દાન પણ ઘણું જ આપ્યું. હિંદના વેપાર ઉદ્યોગમાં નવસારીના જમશેદજી તાતાએ મુખ્ય ત્રણ ફાળા આપ્યા. લોખંડ અને પોલાદનો ઉદ્યોગ, લોનાવાલામાં જળશકિતથી વિદ્યુત ઉત્પન્ન કરી, બેંગ્લોરમાં હિંદની વૈજ્ઞાનિક પ્રયોગશાળા એવી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સની સ્થાપના કરી ૧૮૯૮માં મુંબઈમાં તાજમહલ હોટલનો પાયો નાંખ્યો. તેમણે તાતાલાઈન શરૂ કરી. સુપ્રસિધ્ધ ભારતીય પારસીઓની વિગતવાર ચર્ચા આ ગ્રંથમાં ઉપલબ્ધ છે

ડી.એફ. કરાકાએ લખેલ 'હિસ્ટ્રી ઓફ ધી પારસીઝ' (બે ભાગ, લંડન, ૧૮૮૪) પછી ભારતમાં પારસી પ્રજાના પ્રારંભિક ઉપર એસ.એચ.હોડીવાલા, આર.બી.પેમાસ્ટર અને બીજાઓએ લખેલાં પુસ્તકો અને પી.બી.બલસારા લિખિત શ્રેષ્ઠ નાનકડી પત્રિકા, 'હાઈલાઈટસ ઓફ પારસી હિસ્ટ્રી'ની પાંચમી આવૃત્તિ, મુંબઈ,૧૯૬૩ પણ અપ્રાપ્ય છે. પારસી ઈતિહાસનાં ધાર્મિક અને સામાજીક રાજકીય પાસાંઓની બાબતો વિશે ખ્યાલ આપતી વાચનસામગ્રી જેવી કે, જે.એફ.બલસારાનું 'બર્ડસ આઈ પિકચર ઓફ ધી પારસીઝ' (મુંબઈ, ૧૯૬૯), હોર્મઝદિયાર દસ્તુર કાઓજી મિરઝાનું 'આઉટલાઈન ઓફ પારસી હિસ્ટ્રી (મુંબઈ), એકેહાર્ટ કુલ્કેનું' ધી પારસી ઈન ઈન્ડિયા' મુનીચ અને દિલ્હી, ૧૯૭૪) કે પછી મેરી બોયસની ગહન અભ્યાસપૂર્ણ વાચનસામગ્રી 'ઝોરોસ્ટ્રીયન્સ-ઘેર રીલેજીયસ બિલિવ્સ એન્ડ પ્રેકિટસીઝ' (લંડન, ૧૯૮૭૯) પારસી સમાજની સમકાલીન ઘટનાઓને સમગ્રતયા વર્ણન પ્રસ્તુત કરતાં નથી.

આ ગ્રંથમાં પારસી પ્રેસ (છાપખાનાં અને અખબારો), પારસી વકીલો અને પારસી વૈજ્ઞાનિકો વિશેની વિશેષ માહિતી સમાવેશ પામેલ છે. જે આ ગ્રંથના મૂળ અંગ્રેજી પુસ્તકમાં ઉપલબ્ધ નહોતી. આ ગ્રંથમાં ૧: મૂળ વતન, ૨, જરથુષ્ટ્ર, ૩. ધર્મ ક્રિયાઓ અને રિવાજો, ૪. હિંદમાં વસવાટ, ૫. સામાજીક રચના અને સુધારાઓ, ૬. રાજકારણ, ૭. વેપાર ઉદ્યોગ, વ્યવસાયો, ૯. વિજ્ઞાન અને વૈદક, ૧૦. કલા અને સહિત્ય અને ૧૧. સ્વતંત્રતા-અને પછી જેવાં પ્રકરણો સામેલ છે. તદપરાંત પરિશિષ્ટ-ક સ્વરૂપે એકિમેનિયમ વંશની માહિતી ઉપલબ્ધ છે.

આ ગ્રંથ પારસી પ્રજા વિશેનો આ અભ્યાસ તેમના ઉદગમસ્થાનથી માંડીને  આજ સુધીના ઈતિહાસનું ચિત્રણ છે. તેમ જ તેમના ધાર્મિક ક્રિયાકાંડો અને રીતરિવાજો અંગે પણ ટૂંકમાં સચોટ હેવાલ પૂરો પાડે છે. પારસી પ્રજાની ઐતિહાસિક તવારીખમાંથી પરંપરા અને દંતકથાના સ્ત્રોતોના આધારે આલેખન કરીને લેખિકાએ પારસી પ્રજાનું પ્રમાણભૂત અને સુવાચ્ય શબ્દચિત્ર પ્રસ્તુત કર્યુ છે. પારસી પ્રજા ઉપર સંશોધનકાર્ય કરવા ઈચ્છતા સૌકોઈને મૂલ્યવાન માહિતી પૂરી પાડે છે. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46  Fax : +91 - 261 - 222 73 12   Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com